सत्यमेव जयते

| | |
|---|---|
| રજુ તારીખ | ૨૬–૦૨–૨૦૨૬ |
| દાખલ તારીખ | ૨૬–૦૨–૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૧૧–૦૩–૨૦૨૬ |
| સમયગાળો | |
| વર્ષ ૦૦ માસ ૦૦ દિવસ | |

**મે.ખેડા જીલ્લાના ચોથા એડીશ્નલ સેશન્સ જજશ્રીની અદાલતમાં, મુકામ :– નડીઆદ.**

**ક્રિમીનલ પરચુરણ અરજી નં.૨૪૬/૨૦૨૬**
**આંક:–**

**અરજદાર :** **નંદાબેન રાવજીભાઈ રાવળ**
ઉ.વ. :૫૪, ધંધો : પશુપાલન,ખેતી
રહે.ગામ: ફલોલી,તા.મહુધા,જી.ખેડા.

**( હાલ : સબ જેલ, બિલોદરા, નડીઆદ.)**

**વિરૂધ્ધ**

**સામાવાળા:–** **ગુજરાત રાજ્ય સરકારશ્રી**

**બાબત: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ (ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯) મુજબ રેગ્યુલર જામીન મેળવવાની અરજી...**

---

**અરજદાર/આરોપી તરફે વિધ્વન વકીલ શ્રી એમ.એચ.ત્રીવેદી**

**સરકાર તરફે વિધ્વાન પી.પી. શ્રી ડી.આર. બારોટ**

---

**ચુકાદો**

(૧) મહુધા પોલીસ સ્ટેશન, ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૪૦૩૯૨૬૦૦૩૭/૨૦૨૬, બી.એન.એસ. ની કલમ–૮૫,૧૦૮,૫૪ અન્વયેના ગુનાના કામે અરજદાર જ્યુડીશીયલ કસ્ટડીમાં હોય રેગ્યુલર જામીન પર

મુક્ત થવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ (ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯) અન્વયે હાલની અરજી કરેલ છે.

(૨) સદર અરજી અત્રેની અદાલતમાં દાખલ થતા રજીસ્ટરે લઈ સામાવાળા શ્રી સરકારને નોટીસ કરવામાં આવેલી. જે અનુસંધાને શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી ડી.આર. બારોટ ઉપસ્થિત થયેલ છે.

(૩) સદર કામે આંક–૦૬ થી તપાસ કરનાર અમલદારનું સોગંદનામું રજૂ કરેલ છે. તપાસ કરનાર અમલદારે સદર સોગંદનામામાં જણાવેલ છે કે, હાલના અરજદાર/આરોપી મરણ જનાર સંગીતાબેનના સગાં સાસુ થાય છે અને તેઓએ અવારનવાર મરણ જનારને ઘરકામ બાબતે અતિશય ત્રાસ આપેલ છે અને મુખ્ય આરોપીઓ જેવા કે મરણ જનારના પતિ તથા નણંદ–નણદોઇને મરણ જનારને હેરાન કરવા માટે તથા આરોપી સંજય માટે બીજી પત્ની લાવવા માટે મરણ જનારને આત્મહત્યા કરવા માટે મજબુર કરેલ છે. હાલના આરોપીએ મરણ જનારને ન સહન થાય તેવો ત્રાસ આપતા મરણ જનારે નહેરમાં પડી મરણ ગયેલ છે. આરોપીએ સ્ત્રી અત્યાચારનો ગંભીર પ્રકારનો ગુનો કરેલ હોય જો હાલના અરજદાર/આરોપીને જામીન પર મુકત કરવામાં આવે તો, ફરીયાદી,સાહેદોને લોભ,લાલચ,ધમકી આપી ફેરવી તોડી કેસને તથા ચાલુ તપાસને નુકશાન પહોંચાડે તેમ હોય ન્યાયના હિતમાં અરજદાર/આરોપીના જામીન મંજૂર નહીં કરવા વિનંતી કરેલ છે.

(૪) અરજદાર/આરોપી તરફે તેઓના વિ.વ.શ્રીએ નામદાર કોર્ટ સમક્ષ ઉપસ્થિત થઈ દલીલ કરેલ છે કે,અરજદાર નિર્દોષ છે, કહેવાતા ગુનામાં ખોટી રીતે ફસાવવામાં આવેલ છે,રજુ ફરીયાદ વંચાણે લેતા, લગ્ન જીવનને પંદર વર્ષ કરતા વધુ સમય થયેલ છે. અરજદારના પુત્રના સુખી દાંપત્ય જીવનના પરીણામે બે સંતાનોનો જન્મ થયેલ છે અને તેઓનું શિક્ષણ અને ઘડતર પણ સારી રીતે થવા પામેલ છે.

અરજદારનું નામ ફરીયાદી ધ્વારા ખોટી રીતે અને વેરવૃત્તિથી આપેલ છે,અરજદારના લગ્ન આશરે ૩૭ વર્ષ ઉપર થયેલ છે,અરજદારને સંતાનમાં ચાર બાળકો છે. જેઓને પરણાવેલ છે. હાલમાં અરજદાર એક માતા અને દાદીની ભુમીકા નીભાવતા હોય કહેવાતા આક્ષેપો તદન ખોટા છે. અરજદાર વૃધ્ધ ઉંમરના બાઇ માણસ છે, તેમના નાના દીકરા સાથે નાના બાળકોને સાચવવા માટે અલગ વસવાટ કરતા હતા અને તેઓએ ગુજરનારને કયારે કહેવાતા આક્ષેપો મુજબનો કોઇ ત્રાસ આપેલ નથી કે તેણીને આવું આત્મઘાતી પગલું ભરવા દુષ્પ્રેરણ કે મદદગારી કરેલ નથી. સદર કામની ફરીયાદને તથા તેમાં જણાવવામાં આવેલ ફરીયાદીના કથનોને જો સમજવામાં આવે તો ગુજરનારને તેઓએ કોઇ રીતે આપઘાત કરવા માટે મજબુર કરેલ હોય તેવું બનેલ નથી પરંતુ, ગુજરનારની પોતાની અંગત કલ્પનાઓ અને માન્યતાઓને આધારે તેને આ પગલું ભર્યુ હોવાનું સ્પષ્ટપણે ફલીત થાય છે.ખરી હકીકતે ગુજરનાર માનસીક રીતે અસ્વસ્થ થઇ જતા તેમને આવું કૃત્ય સ્વયંભુ આચરેલ છે. આમ, ગુજરનારનું અપમૃત્યુ બાબતે તેઓને પ્રી–ટ્રાયલ પનીશમેન્ટ ભોગવવાનો વારો આવે તેમ છે. અરજદાર ગુજરનારના પરીવારના સભ્ય થાય છે અને માત્ર તે જ કારણસર તેમના નામ ફરીયાદી ધ્વારા ખોટી રીતે આપવામાં આવેલ છે. સદર કામે બનાવને લગતી કોઇપણ ચીજવસ્તુ કે મુદ્દામાલ કે માહીતી અરજદાર પાસેથી રીકવર કે ડીસ્કવર કરવાનો કોઇ પ્રશ્ન નથી. અરજદારો ગુજરનારના પરીવારના સભ્ય થાય છે અને માત્ર તે જ કારણસર તેમના નામ ફરીયાદી ધ્વારા ખોટી રીતે આપવામાં આવેલ છે. બનાવને લગત કોઇપણ ચીજવસ્તુ કે મુદ્દામાલ કે માહીતી અરજદાર પાસેથી રીકવર કે ડીસ્કવર કરવાનો કોઇ પ્રશ્ન નથી. ફરીયાદની વિગતો ધ્યાને લેતા, અરજદારની કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશનની આવશ્યકતા જણાતી નથી. અરજદાર સામાન્ય પરીવારના ઇસમ છે, સામાજીક સંબંધો અને પ્રતિષ્ઠા ધરાવે છે, જેથી નાસી–ભાગી જાય તેવા ઇસમ નથી. અરજદાર બાળબચ્ચાં અને કુંટુંબ કબીલા સાથે સાથે અરજીમાં જણાવેલ સરનામે કાયમી વસવાટ કરે

છે, પશુપાલનનો વ્યવસાય કરે છે અને ખેતીકામ કરી ગુજરાન ચલાવે છે. જો વધારે સમય તેઓને કસ્ટડીમાં રહેવાનું થાય તો તેમના પશુપાલનના વ્યવસાયમાં તથા ખેતપાકમાં ભારે નુકશાન થાય તેમ છે. સદર ગુના કામે અગાઉ સહ તહોમતદારોની જામીન અરજી ક્રિ.પ્રા.અ.નં.૧૨૭/૨૦૨૬ અત્રેની અદાલતે મંજુર કરેલ છે. અરજદાર ટ્રાયલ દરમ્યાન કોર્ટમાં દર મુદતે હાજર રહેવાની તથા તપાસમાં સાથ-સહકાર આપવાની બાંહેધરી આપે છે, તેમજ નામદાર કોર્ટ ફરમાવે તેવી તમામ શરતોનું પાલન કરવા ખુશી હોવાનું જણાવી અરજદારને જામીન મુક્ત કરવા અરજ ગુજારેલ છે.

(૫) સરકાર તરફે વિ.પી.પી.શ્રીએ તેમની મૌખિક દલીલોમાં મહદઅંશે પોલીસ રિપોર્ટ પ્રમાણેની હકીકત જણાવેલ છે. વિશેષમાં જણાવેલ છે કે, સદર ગુનાના અરજદાર/આરોપી મરણ જનાર સંગીતાબેનના સાસુ થાય છે. તેઓએ અવારનવાર મરણ જનારને ઘરકામ બાબતે અતિશય ત્રાસ આપેલ છે તેમજ મુખ્ય આરોપીઓને ઉશ્કેરણી કરેલ છે. જો હાલના અરજદાર/આરોપીને જામીન પર મુકત કરવામાં આવે તો, ફરીયાદી,સાહેદોને લોભ,લાલચ,ધમકી આપી ફેરવી તોડી કેસને તથા ચાલુ તપાસને નુકશાન પહોંચાડે તેમ હોય, અરજદાર/આરોપીની જામીન અરજી નામાંજૂર કરવા જણાવેલ છે.

(૬) બંને પક્ષના વિ.વ.શ્રીઓની દલીલો, રજુ પોલીસ પેપર્સ, તપાસ અમલદારનું સોગંદનામું તથા રજૂ દસ્તાવેજો વંચાણે લીધા.

(૭) હાલની ફરિયાદના કામે અરજદાર/આરોપી વિરૂદ્ધ બી.એન.એસ.ની કલમ- ૮૫,૧૦૮,૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. સદર ગુનાની પોલીસ તપાસ હજી ચાલુ છે. પરંતુ, હાલના અરજદાર/આરોપી સામેની મોટા ભાગની તપાસ પુર્ણ થયેલાનું જણાય છે. હાલના અરજદાર/આરોપી મરણ જનારના સાસુ થાય છે . આ કામના અરજદાર વૃધ્ધ ઉંમરના બાઈ માણસ છે,તેઓ તેમના નાના દીકરા સાથે તેના નાના બાળકો હોય તેને સાચવવા માટે અલગ

વસવાટ કરે છે. આંક:૦૬ થી રજુ તપાસ કરનાર અમલદારનું સોગંદનામું ,પોલીસ પેપર્સ તેમજ ગુજરનારના લગ્ન જીવનનો સમયગાળો ધ્યાને લેતા, અરજદાર/આરોપીએ મરણ જનારને આપઘાત કરવા માટે મજબુર કર્યા હોય તેવી પ્રથમ દર્શનીય હકીકત રેકર્ડે આવેલ ન હોય, અરજદાર/આરોપીની સદર ગુનામાં કોઇ ભુમીકા જણાતી નથી. અરજદાર/આરોપી કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. અરજદાર/આરોપી ગામ: ફલોલી, તા.મહુધા, જિ.ખેડાના સ્થાનિક રહીશ જણાય છે. માત્ર અરજદાર/આરોપી ફરિયાદપક્ષના કેસને નુકસાન પહોંચાડશે, તેવી દહેશત માત્રથી હાલના તબક્કે ગુનાનો આક્ષેપ જોતા, તેઓની જામીન અરજી નામંજૂર કરવી યોગ્ય જણાતી નથી.

(૮) આમ, ઉપરોક્ત સમગ્ર ચર્ચા કર્યા મુજબ ગુનાનો પ્રકાર, સજાની જોગવાઈ ધ્યાને લેતા તેમજ અરજદાર/આરોપીની ટ્રાયલ દરમ્યાનની હાજરીની સુનિશ્ચિતતા જણાઈ આવતી હોય, હાલના અરજદાર/આરોપીની તરફેણમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ (ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૯) અન્વયેની વિવેકાધીન સત્તા વાપરવી ન્યાયોચિત અને વ્યાજબી જણાતું હોય, ઉપરોક્ત તમામ ચર્ચા ધ્યાને લેતા, હાલની અરજી હેઠળ નીચે મુજબનો આખરી હુકમ કરવો ન્યાયોચિત માનું છું.

**॥ <u>આખરી હુકમ</u> ॥**

(૧) અરજદાર/આરોપી : **નંદાબેન રાવજીભાઈ રાવળ,**ઉ.વ. :૫૪, ધંધો : પશુપાલન,ખેતી,રહે.ગામ:ફલોલી,તા.મહુધા,જી.ખેડા-નાઓની સદર ક્રિમિનલ પરચૂરણ અરજી નંબર : ૨૪૬/૨૦૨૬ આથી **મંજુર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીને **રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પૂરા)** ના સધ્ધર જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી

ઉપરોક્ત ગુન્હામાં નીચેની શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) <u>શરતો :</u>

૧. અરજદાર/આરોપીએ પોતાની સ્વતંત્રતાનો ગેરલાભ ઉઠાવવો નહીં તેમજ ફરિયાદ પક્ષના પુરાવા સાથે કોઈપણ રીતે ચેડાં કરવાનો પ્રયત્ન કરવો નહીં તેમજ અરજદાર/આરોપીએ સુલેહ શાંતિ જાળવી રાખવી અને આવા કે અન્ય કોઈ ગુન્હાઓમાં સંડોવાવું નહીં.

૨. અરજદાર/આરોપીએ વિધ્વાન ટ્રાયલ અદાલતમાં તેઓના રહેઠાણનું પાકું સરનામું પૂરું પાડવું અને અદાલતની પૂર્વ પરવાનગી વગર તેમાં ફેરફાર કરવો નહીં.

૩. અરજદાર/આરોપીએ વિધ્વાન ટ્રાયલ અદાલતની પૂર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજ્યની હદ છોડવી નહીં.

૪. અરજદાર/આરોપીએ તેમના મોબાઈલ નંબર તથા લેન્ડ લાઈન નંબર વિધ્વાન ટ્રાયલ અદાલતમાં પુરસીસથી રજૂ કરવા.

૫. અરજદાર/આરોપીએ ચાર્જશીટ થાય ત્યાં સુધી સંબંધકર્તા પોલીસ સ્ટેશનમાં દર માસના પહેલા સોમવારે સવારે : ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમ્યાન હાજરી પુરાવવી.

૬. અરજદાર/આરોપીએ જો પાસપોર્ટ ધરાવતા હોય તો જામીન ઉપર મુક્ત થયા બાદ દિન-૦૩ માં વિધ્વાન ટ્રાયલ અદાલતમાં અસલ પાસપોર્ટ જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું લેખિત સોગંદનામું દિન-૦૩ માં વિધ્વાન ટ્રાયલ અદાલતમાં રજૂ કરવું.

૭. અરજદાર દ્વારા કોઈપણ શરતનો ભંગ કર્યેથી અરજદાર/આરોપીના જામીન આપોઆપ રદબાતલ થયેલ ગણાશે.

(૪) અરજદાર/આરોપીએ જામીન વિદ્વાન ટ્રાયલ અદાલતમાં આપવા.

(૫) આ હુકમની લેખિત યાદી સંબંધિત જીલ્લા જેલ, બિલોદરાને કરવી.

હુકમ આજરોજ તારીખ: અગિયારમી, માહે: માર્ચ, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| નડીયાદ<br>તા.૧૧/૦૩/૨૦૨૬<br>એસ.જે.રાણા | **(મુકેશકુમાર જયંતીલાલ બ્રહ્મભટ્ટ )<br>ચોથા એડીશ્નલ સેશન્સ જજ,<br>ખેડા-એટ,નડીઆદ.<br>(જયુડી કોડ નં.જી.જે.૦૦૭૫૪)** |

COURT OF SESSIONS KAIRA AT NADIAD
સત્ય મેવ જયતે